## જંબુસરમાં ઉભેલી ટ્રકમાં આગ, ત્રણ રાહદારી ગંભીર રીતે દાઝ્યા

**આગે** ગણતરીની મીનિટોમાં જ વિકરાળ સ્વરૂપ લઈ લેતાં આખી ટ્રક સ્વાહા



ભરૂચ: ભરૂચ જિલ્લાના જંબુસર શહેરમાં રવિવારે એક ટ્રકમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં 3 જણા ગંભીર રીતે દાઝી ગયા હતા.

આગની ઘટના જંબુસર શહેરના મોટું કોમ્પ્લેક્સ પાસે, અલહમુદ હોસ્પિટલની સામે ઉભેલી એક ટ્રકમાં બની હતી. ટ્રકમાં શોર્ટ સર્કિટ કે અન્ય કોઈ કારણસર આગ લાગી હતી. જોતજોતામાં આ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું અને આખી ટ્રકને આગે લપેટમાં લઇ લેતા ભયાવહ સ્થિતિનું નિર્માણ થયું હતું. આગની ટ્રક નજીક ઉભેલા 3 વ્યક્તિ ગંભીર રીતે દાઝી ગયા હતા. ઈજાગ્રસ્તોમાં પસાયા ચંદુભાઈ (ઉ.વ.21), પસાયા ભીમાભાઈ (ઉ.વ.24 બંને રહે-ડાભા,જંબુસર,મૂળ રહે-દાહોદ) અને જાકીર યુસુફ બગસ (ઉ.વ.48 રહે-જંબુસર)નો સમાવેશ થાય છે. તેઓને પ્રાથમિક સારવાર જંબુસરમાં આપ્યા બાદ વધુ સારવાર અર્થે વડોદરા રીફર કરવામાં આવ્યા છે.

સ્થાનિક લોકોએ આગ ઓલવવાના પ્રયાસો કર્યા હતા, પરંતુ આગ એટલી પ્રચંડ હતી કે થોડી જ વારમાં ટ્રક સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં જંબુસર પોલીસ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર કર્મચારીઓએ કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. જો કે સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે વેલ્ડીંગનાં તણખાં ટ્રકની કોઈક વસ્તુ પર પડતાં આગ ફાટી નીકળી હોઈ શકે.

## ગેરકાયદે રેતીખનન સામે લાલ આંખ, 3.20 કરોડની મતા સીઝ



**ભરૂચ** અને વડોદરા જિલ્લાની ટીમોએ ભરૂચના ટોઠીદરા અને વડોદરાના ઓઝ તથા પોરમાં રેડ કરી હતી

**ત્રણ દિવસમાં** નદીના પટમાંથી 32 બાર્જ અને 5 યાંત્રિક નાવડીઓ જપ્ત, રેતી માફિયાઓમાં ફફડાટ

ભરૂચ: ભરૂચ અને વડોદરા જિલ્લાની ખાણ-ખનીજ વિભાગની ટીમોએ નર્મદા નદીમાં ગેરકાયદે રેતીના ખનન સામે સંયુક્ત કાર્યવાહી કરી છે. ત્રણ દિવસ ચાલેલા આ ઓપરેશનમાં ભરૂચના ટોઠીદરા ગામ અને વડોદરાના ઓઝ તથા પોર ગામની સીમમાં નદીના પટમાંથી કુલ 32 બાર્જ અને 5 યાંત્રિક નાવડીઓ કબજે કરવામાં આવી છે.

ભરૂચ વિભાગ દ્વારા 5 બાર્જ અને 5 નાવડી સીઝ કરવામાં આવી છે, જ્યારે વડોદરા વિભાગની ટીમે 27 બાર્જ પકડી પાડ્યા હતા. કુલ મળીને આ ગેરકાયદે ખનનમાં વપરાતા સાધનો અને મશીનરી સહિત અંદાજિત રૂ.3.20 કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. વિભાગ દ્વારા આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી અને દંડનીય રકમ વસૂલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહીને પગલે રેતી માફિયાઓમાં ફફડાટ ફેલાયો છે.

## કૂતરાં વધુ હિંસક થવા લાગ્યા, નીલગાયના શિકારનો પ્રયાસ

**આમોદના** મછાસરા ગામમાં મધરાતે શ્વાનોનું ઝૂંડ નિર્બળ નીલગાયને ઘેરી વળ્યું હતું

**ગામના** યુવાનોએ શ્વાનોને ભગાવી નીલગાયને ઉગારી, વનવિભાગને સોંપી



આમોદ: મછાસરા ગામના એક જાગૃત યુવાને મધરાતે અસાધારણ હિંમત દાખવીને એક અસહાય અને નબળી હાલતમાં નીલગાયને રખડતા શ્વાનોના ઘાતક હુમલામાંથી બચાવીને તેનો જીવ ઉગાર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગત રાત્રે આશરે 12:30 વાગ્યાના સુમારે મછાસરા ગામની સીમમાં કેટલાક રખડતા શ્વાનોના ઝૂંડે એક કમજોર નીલગાયને ઘેરી વળીને તેના પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. રાત્રિના અંધકારમાં જ્યારે શ્વાનોના ભસવાનો અવાજ સંભળાયો, ત્યારે સ્થાનિક યુવાન પટેલ સુહેલ ઉર્ફે બાપુ અને તેના અન્ય મિત્રો તાત્કાલિક ગામની સીમ તરફ દોડી ગયા હતા. ત્યાં પહોંચીને તેમણે જોયું કે શ્વાનોનું ઝૂંડ એક નિર્દોષ નીલગાયનો શિકાર કરવાની પેરવીમાં છે. આ દૃશ્ય જોતા જ સુહેલે સમયસૂચકતા વાપરીને શ્વાનોને ભગાડ્યા હતા અને ભારે જહેમત બાદ નીલગાયને તેમની ચુંગાલમાંથી સહીસલામત મુક્ત કરાવી હતી.

શ્વાનોના આતંકથી બચાવ્યા બાદ સુરક્ષાની દૃષ્ટિએ આ યુવાનોએ નીલગાયને પોતાના ઘર પાસેના અઢાળામાં આશરો આપ્યો હતો અને રાત્રે જ વન વિભાગને જાણ કરી હતી. વન વિભાગની ટીમ વહેલી સવારે મછાસરા ગામે પહોંચી નીલગાયનો કબજો મેળવી તેને યોગ્ય સારવાર અને સંભાળ માટે વન વિભાગના કેન્દ્ર ખાતે ખસેડી હતી.

## કડોદરામાં કાળી સ્કોર્પિયોમાં આવેલા તસ્કરો સફેદ સ્કોર્પિયો ચોરી ગયા

**ગાડી** ચાલુ થવાનો અવાજ આવતા માલિક જાગી ગયા પરંતુ મોડું થઈ ગયું હતું, સીસીટીવીમાં ચોરીની ઘટના કેદ

પલસાણા: કડોદરા ગામ સ્થિત સૂર્યોદય કોમ્પ્લેક્ષની સામે પાર્ક કરેલી એક લક્ઝરી ફોર્ચ્યુનર કારની ચોરીની ઘટના સામે આવી છે.

વેપારી જેઠારામ સુખારામ ઝાટ, સૂર્યોદય કોમ્પ્લેક્ષમાં રહે છે. ગત રાત્રે આશરે 12 વાગ્યા સુધી તેમની સફેદ કલરની ફોર્ચ્યુનર (નંબર: GJ-19-BJ-6171) પાર્કિંગમાં જ હતી. વહેલી સવારે આશરે 3:45 વાગ્યાના સુમારે ગાડી ચાલુ થવાનો અવાજ આવતા જેઠારામ જાગી ગયા હતા. તેમણે બહાર આવીને જોયું તો કોઈ અજાણ્યો શખ્સ તેમની ગાડી ચોરીને લઈ જઈ રહ્યો હતો. ઘટના બાદ આસપાસના સીસીટીવી કેમેરા ચેક કરતા ચોંકાવનારી વિગતો સામે આવી છે. ફૂટેજમાં જોવા મળ્યું હતું કે એક કાળા કલરની સ્કોર્પિયો (N) ગાડીમાં તસ્કરો આવ્યા હતા. તેમાંથી એક અજાણ્યો શખ્સ ઉતરીને ફોર્ચ્યુનરનું બોનેટ ખોલી, ગાડી ચાલુ કરી સેકન્ડોમાં ચોરી કરી નાસી છૂટ્યો હતો. ચોરાયેલી કારની અંદાજીત કિંમત રૂ. 30,00,000 જણાવવામાં આવી છે. કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે આ મામલે બી.એન.એસ.ની કલમ 303(2) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ નટવરભાઈ આહિરને સોંપવામાં આવી છે.

## હથોડા હવે વધુ સુરક્ષિત બનશે, 40 જેટલા CCtv લગાડાશે

**હથોડાની** સલામતી માટેના મહિલા સરપંચના કાર્યને ગ્રામજનોએ બિરદાવી



હથોડા: 7000થી વધુ વસ્તી ધરાવતા હથોડા ગામે કરોડો રૂપિયાના વિકાસ કાર્યો કરવાની રેસમાં ઉતરેલા મહિલા સરપંચે ગામની જનતાને ચોરો અને અસામાજિક તત્વોથી બચાવવા તેમજ ગુંડા તત્વોથી જનતાને સલામતી બક્ષવા હથોડા ગામે 35થી 40 કેમેરા લગાડવાનું સરાહનીય આયોજન હાથ ધર્યું છે. બહુમતી લઘુમતિની વસ્તી ધરાવતા હથોડા ગામના મહિલા સરપંચના આ કાર્યને જનતાએ બિરદાવ્યું છે.

હથોડા ગામ માંગરોળ તાલુકામાં કોસંબા પછી મોટી વસ્તી ધરાવતું મોટું ગામ છે, અને વિકાસ માટે સતત આગળ રહ્યું છે. તાજેતરમાં જ લાખો રૂપિયાના ખર્ચે હથોડા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત થયું હતું. જેનું બાંધકામ પૂરજોરમાં ચાલુ છે. તેની સાથે જ હથોડા ગામને ચારેકોરથી આવરી લઈને ગુનાહિત પ્રવૃત્તિ ડામવા અને જનતાને સલામતી બક્ષવા માટે મહિલા સરપંચ અફસાના હુસેન આરફે સરકારી યોજનાનો લાભ લઈ હથોડા ગામે મસમોટા 35થી 40 જેટલા કેમેરા મૂકવાનું આયોજન કર્યું છે. ગામમાં કેમેરા મુકાઈ જવાથી હવે ગુનાખોરી પર લગામ આવશે. કેમેરાના ડરથી નાના-મોટા ગુનાઓ આચરનારા, ચોર-લૂંટારા જેવા તત્ત્વો પણ હવે ગભરાશે.

જ્યારે કોઈ અનિચ્છનીય ઘટના બનશે તો પોલીસ તંત્રને પણ ગુનો ડિટેક્ટ કરવામાં આ સીસીટીવી કેમેરાથી ખાસ્સી રાહત રહેશે. જેથી હથોડા ગામે મહિલા સરપંચ દ્વારા લગાવવામાં આવી રહેલા સીસી કેમેરાના ઈન્સ્ટોલેશનની કામગીરીને લોકોએ બિરદાવી છે.

## પલસાણાના તરાજ પાસે બાઈક અડફેટે વેસમાના આધેડનું મોત

પલસાણા: પલસાણાના તરાજ ગામના કટ પાસે નેશનલ હાઈવે નં. ૫૩ પર ગત સાંજે હજીરાથી ધુલીયા તરફ જતાં માર્ગ પર રોડ ક્રોસ કરી રહેલા આધેડને મોટરસાઈકલે અડફેટે લેતાં તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના વેસ્મા ગામે રહેતા રાજુભાઈ રામુભાઈ રાઠોડ (ઉં.વ.૫૧) ગત તારીખ ૨૧/૦૨/૨૦૨૬ના રોજ સાંજે તરાજ ગામના કટ પાસે હાઈવે ક્રોસ કરી રહ્યા હતા. આ દરમિયાન એક યુનીકોર્ન મોટરસાઈકલ (નં. GJ 19 BP 1455)ના ચાલકે રાજુભાઈને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં રાજુભાઈનેગંભીર ઈજાઓ પહોંચતા તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. પલસાણા પોલીસે અજાણ્યા મોટરસાઈકલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## એના નજીક ટ્રકમાં ક્રૂરતાપૂર્વક બાંધેલી 18 ભેંસ મુક્ત કરાવાઈ

**પલસાણા** પોલીસે ડ્રાઈવર-ક્લિનરની ધરપકડ કરી ભેંસો ભરાવનારને વોન્ટેડ જાહેર કર્યો

પલસાણા: પલસાણા પોલીસે એના ગામની સીમમાંથી ગેરકાયદે પશુઓનું પરિવહન કરતા બે શખ્સને ટ્રક સાથે ઝડપી પાડી 18 ભેંસને મુક્ત કરાવી છે.

૨૨ ફેબ્રુઆરીની વહેલી સવારે ગૌરક્ષક મહાવીરભાઈ જૈન દ્વારા પોલીસ કંટ્રોલ રૂમમાં મળેલી બાતમીના આધારે પોલીસે નેશનલ હાઈવે નંબર ૫૩ પર ઓપરેશન હાથ ધર્યું હતું.

પોલીસને એચ.પી. પેટ્રોલ પંપ સામે એક બંધ બોડીની ટ્રક (રજી. નં. GJ.27.TT.6990)માં અત્યંત ક્રૂરતાપૂર્વક, ઘાસચારા કે પાણીની સુવિધા વિના ટૂંકા દોરડા વડે બાંધેલી ૧૮ ભેંસ મળી આવી હતી. આ પશુઓને વડોદરાના વલણ ગામથી ભરીને મહારાષ્ટ્રની માલેગાંવ સ્થિત અલ્ફેજ કંપનીમાં લઈ જવામાં આવી રહ્યા હતા.

પોલીસે ટ્રક ડ્રાઈવર એઝાઝ સલીમ ઝાકા અને ક્લીનર અસ્ફાક ઈલ્યાસ કોલા (બંને રહે. વલણ, વડોદરા) ની ધરપકડ કરી છે. આ ઉપરાંત, પશુઓ ભરી આપનારા મુખ્ય આરોપી સલમાન અલ્લી મઠીયાને વોન્ટેડ જાહેર કર્યો છે. પોલીસે આ કાર્યવાહીમાં કુલ ૮,૭૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં ૨,૭૦,૦૦૦ની કિંમતની ભેંસો, ૬,૦૦,૦૦૦નો ટ્રક અને મોબાઈલ ફોનનો સમાવેશ થાય છે.

## ભરૂચ GIDCમાં તુષાર ટ્રાન્સફોર્મર કંપનીમાં આગ



**આગની** જ્વાળા અને ધુમાડા ઊંચે ઉઠતા ભય ફેલાયો, કલાકોની જહેમત બાદ આગ કાબૂમાં આવી

ભરૂચ: ભરૂચના ભોલાવ GIDCમાં તુષાર ટ્રાન્સફોર્મર નામની કંપનીમાં આજે વહેલી સવારે ભીષણ આગ ફાટી નીકળતા ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આગ એટલી ભયાનક હતી કે કંપનીમાંથી આગની જ્વાળા અને ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. આગની જાણ તાત્કાલિક ફાયર બ્રિગેડને કરવામાં આવી હતી. જેનાથી નગર સેવા સદન અને જીએનએફસીના કુલ પાંચ ફાયર ટેન્કરો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયર બ્રિગેડના જવાનોએ કલાકોમાં ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો અને આગને ફેલાતી અટકાવી હતી. પ્રાથમિક તપાસમાં આ ભીષણ આગ શા કારણે લાગી તે અંગે હજુ સુધી કોઈ ચોક્કસ માહિતી મળી શકી નથી. ઔદ્યોગિક સલામતી અને આરોગ્ય વિભાગના અધિકારીઓએ ઘટનાસ્થળની મુલાકાત લઈને આગ લાગવાના ચોક્કસ કારણો અને નુકસાની અંગે વિગતવાર તપાસ આદરી છે.

### વાંકલ ઝંખવાવ રોડ પર કાર અડફેટે બાઈક ચાલકનું મોત

વાંકલ: માંગરોળ તાલુકાના વાંકલ ઝંખવાવ માર્ગ પર રાત્રે સાડા આઠ વાગ્યાંના સમયગાળા દરમિયાન સેલારપુર પાટિયા નજીક કંટવાવ ગામના નવીન ચૌધરી (ઉવ 50)ઝંખવાવથી પોતાનું કામ પતાવી ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે ઓમ કવોરી નજીક તેમની સ્પ્લેન્ડર (GJ 05 FH 2006)ને આઈ-10 કાર (GJ 16 DC 0912)ના ચાલકે ટક્કર મારતા નવીનભાઈને કપાળના ભાગે ગંભીર ઇજા પહોંચતા 108 મારફતે હોસ્પિટલ ખસેડ્યા હતા. ત્યાં ફરજ પરના ડોકટરે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરિયાદ અવિનાશ નવીન ચૌધરીએ ફોર કારચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા ઝંખવાવ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દીપડાના હુમલામાં મૃત્યુ પામેલા ખેડૂતના પરિવારને આર્થિક સહાય

**માંડવીના** બૌધાન ગામે પહોંચી પૂર્વ મંત્રી અને ધારાસભ્ય કુંવરજી હળપતિએ પરિજનોને સાંત્વના સાથે 10 લાખનો ચેક આપ્યો



હિતેશ પટેલ

માંડવી: માંડવી તાલુકાના બૌધાન ગામે 71 વર્ષીય વૃદ્ધ ખેડૂત પર દીપડાએ હુમલો કરતા તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતકના પરિજનોને સરકાર દ્વારા રૂ.10 લાખની સહાય આપવામાં આવી છે.

બૌધાન ગામના રહેવાસી ગંભીર સિંહ જાદવ (71 વર્ષ) પોતાના ખેતરમાં પાણી વાળી રહ્યા હતા. તે દરમિયાન ઝાડીઓમાં ઘાત લગાવી બેઠેલા દીપડાએ હુમલો કર્યો હતો. હુમલામાં તેમને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું સ્થળ પર જ અવસાન થયું હતું.

આ બનાવની જાણ થતાં પૂર્વ મંત્રી અને ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ બૌધાન ગામે પહોંચ્યા હતા. તેમણે મૃતકના પરિવારજનોને સાંત્વના પાઠવી રાજ્ય સરકાર તરફથી રૂ. 10 લાખની આર્થિક સહાય તાત્કાલિક મંજૂર કરાવી ચેક અર્પણ કર્યો હતો. સાથે જ પરિવારને દરેક શક્ય સહાય પૂરી પાડવાની ખાતરી આપી હતી. તેમણે વન વિભાગને માનવ વસાહત નજીક જંગલી પ્રાણીઓની વધતી અવરજવર અંગે સજાગ રહી અસરકારક પગલાં લેવા સૂચના આપવાની વાત કરી હતી. ગ્રામજનોના જણાવ્યા અગાઉ પણ પશુઓ પર હુમલાની ઘટનાઓ બની હોવાનું જણાવાયું હતું. આ બનાવ બાદ ખેડૂતોમાં ખેતરમાં એકલા કામ કરવા અંગે ભયનો માહોલ વ્યાપ્યો છે.

## બારડોલી નાગરિક બેન્ક પર ફરી સહકાર પેનલનો કબ્જો

**વ્યવસ્થાપક** કમિટીની ચૂંટણીમાં સહકાર પેનલના તમામ 15 ઉમેદવારની જીત, બે અપક્ષ હારી ગયા



બારડોલી: ધી બારડોલી નાગરિક સહકારી બેન્ક લિ.ની સામાન્ય ચૂંટણી રવિવારે યોજાઈ હતી, જેમાં સહકાર પેનલનો વિજય થયો છે.

આગામી પાંચ વર્ષ માટે બારડોલી નાગરિક સહકારી બેન્કની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીનું જાહેરનામું બહાર પડતા જ સ્થાનિક રાજકરણ ગરમાયુ હતું. કુલ 18 બેઠક પૈકી 2 મહિલા અનામત બેઠક પર અલકા વ્યાસ અને નૈનિકા પટેલ જ્યારે અનુસૂચિત જાતિ/જનજાતિ માટે અનામત બેઠક પર ડૉ.ભાવિનકાંત ચૌધરી બિનહરીફ થયા હતા. આ ત્રણેય અનામત બેઠક સહકાર પેનલના કબ્જામાં ગઈ છે. બીજી 15 સામાન્ય બેઠક માટે કુલ 17 ઉમેદવાર મેદાનમાં હતા. જેને કારણે ચૂંટણી યોજવાની ફરજ પડી હતી. રવિવારે યોજાયેલી ચૂંટણીમાં 19000થી વધુ મતદારો પૈકી 4073 મતદારે મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સાંજે પુરી થયેલી મતગણતરીમાં સહકાર પેનલના તમામ 15 ઉમેદવારનો વિજય થતા બારડોલી નાગરિક બેન્ક પર ફરી એક વખત સહકાર પેનલે કબજો જમાવ્યો છે.

સહકાર પેનલના ઉમેદવારોમાં ડૉ. ગૌતમ વ્યાસ, ડૉ. જયેશ ટી.સોલંકી, દિપકભાઈ ઝવેરભાઈ પટેલ, ધનસુખભાઈ બી. પટેલ, નિતેશ જી. ચાંદલિયા, પ્રદીપ એચ.અગ્રવાલ, બ્રિજેશ બી. પટેલ, મહેન્દ્ર એન. પટેલ, રાજેશ એન. પટેલ, રોનક એ. શાહ, સંજય ડી. જોશી, હરેશ ડી. પટેલ, હિતેશ પી. પટેલ, અમિત જે. શાહ અને અલ્પેશ કે. પટેલનો વિજય થયો હતો. જ્યારે બે અપક્ષ ઉમેદવારે હારનો સામનો કરવો પડ્યો છે.

## લગ્ન માટે ફૂલો લેવા નીકળેલા વરરાજાના નાનાભાઈનું મોત

**જંબુસર** પાદરા રોડ પર બાઈકને ટેમ્પોએ ટક્કર મારતાં સ્થળ પર જ મોત, ખુશીનો પ્રસંગ માતમમાં ફેરવાયો



ભરૂચ: જંબુસરના વાવલી ગામ નજીકગ અકસ્માતમાં લગ્નની ઉજવણી શોકમાં ફેરવાઈ ગઈ હતી. વરરાજાના નાના ભાઈનું બાઈક અને આઈસર ટેમ્પો વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં કમકમાટીભર્યું મોત થયું હતું. શનિવારે સાંજે લગભગ પાંચ વાગ્યાના સુમારે જંબુસર-પાદરા રોડ પર વ્હાઈટ ડાયમંડ સ્થળ નજીક તેઓ જે બાઈક પર સવાર હતા, તેનો સામે આવતા આઈસર ટેમ્પો સાથે અકસ્માત થયો હતો. જેમાં દેવાંશભાઈ સુરેશભાઈ ઠાકોર (ઉંમર આશરે 20-25 વર્ષ)નું મોત નીપજ્યું હતું. મોતને ભેટેલો યુવક તેના મોટાભાઈના લગ્નની તૈયારી માટે આવશ્યક સામગ્રી તરીકે ફૂલ લેવા માટે જંબુસરથી નીકળ્યો હતો.

લગ્ન જેવો શુભ પ્રસંગ અશુભમાં ફેરવાઈ ગયો હતો. પરિવાર શોકમગ્ન થઈ ગયો હતો. જંબુસર પોલીસે ઘટનાસ્થળે પહોચીને વધુ તપાસ આદરી છે.

## કડોદરામાં તસ્કરોના નિશાના પર ATM, તાતીથૈયામાં ચોરીનો પ્રયાસ

**ચોરી** તો ન થઈ પણ મશીનમાં 1 લાખથી વધુનું નુકસાન, કડોદરા વિસ્તારમાં આ ત્રીજી ઘટના



પલસાણા: સુરત જિલ્લાના ઔદ્યોગિક હબ ગણાતા કડોદરા વિસ્તારમાં ગુનેગારો બેફામ બન્યા હોય તેમ લાગી રહ્યું છે. તાતીથૈયા ગામ પાસે આવેલા સોનીપાર્ક-1માં તસ્કરોએ એક ATM મશીનને નિશાન બનાવી લાખો રૂપિયાનું નુકસાન પહોંચાડ્યું છે. ચોંકાવનારી વાત એ છે કે, કડોદરા વિસ્તારમાં ATM તોડવાની આ ત્રીજી ઘટના સામે આવી છે.

ઘટનાની વિગત મુજબ, તાતીથૈયાના પ્લોટ નંબર 673માં આવેલા 'ઈન્ડિયા-1' એટીએમ મશીન પર ગત તારીખ 18 ફેબ્રુઆરીના રોજ મોડી રાત્રે અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા. ચોરી કરવાના ઈરાદે આવેલા આ ઈસમોએ મશીનનું કેસ ડિસ્પેન્સર, એસ.એન.જી. લોક, પ્રેઝન્ટર અને બ્યુટી ડોર તોડી નાખી ભારે તોડફોડ કરી હતી. પ્રાથમિક અંદાજ મુજબ મશીનમાં આશરે રૂ. 1,10,000નું નુકસાન થયું છે. જોકે, તસ્કરો રોકડ રકમ ચોરવામાં સફળ રહ્યા ન હતા અને ચોરીનો પ્રયાસ કરી નાસી છૂટ્યા હતા. આ અંગે ઈન્ડિયા-1 એટીએમના ઝોનલ મેનેજર પ્રવિણસિંગ રાજપુતે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. વારંવાર બનતી આવી ઘટનાઓને પગલે પોલીસ પેટ્રોલિંગ સામે પણ સવાલો ઊભા થયા છે.

## એક્ટિવા ચાલકને ધમકાવીને મોત નીપજાવનારા ચારની ધરપકડ

**ચારેય** આરોપીએ નંબર પ્લેટ મુદ્દે ધમકાવી પૈસા માંગતા યુવકને સ્થળ પર જ હાર્ટ એટેક આવી ગયો હતો

ભરૂચ: ત્રણ દિવસ પહેલા રહાડપોર રોડ પર કેટલાક ઈસમોએ નંબર પ્લેટનાં મુદ્દે રોફ જમાવી 43 વર્ષીય વ્યક્તિનો જીવ લીધો હતો. પોલીસે આ ગુનામાં ચાર ઈસમને ઝડપી પાડ્યા છે.

ભરૂચના ભોલાવ વિસ્તારના 43 વર્ષીય ઉર્વીશ બીપીન મોદી 20મી ફેબ્રુઆરીના રોજ તેમની પત્ની સાથે એક્ટિવા પર જઈ રહ્યા હતા. રહાડપોર રોડ પર કેટલાક શખ્સોએ તેમને રોકીને પોલીસ તરીકે ઓળખ આપી વાહનમાં નંબર પ્લેટ ન હોવાનું કહી, પૈસા આપવા માટે ધમકાવતા હતા. રસ્તા પર જ હાર્ટ એટેક આવતા ઉર્વિશભાઈ ઢળી પડતા તેમનું કરુણ મોત નીપજ્યું હતું.

પોલીસે આ ગુનામાં યોગેશ સંતોષભાઈ બેલેરાવ, સંજુ રામધ્યાનભાઈ વસાવા, પ્રિતેશ ભરતભાઈ રાણા અને ભાવેશ વસાવા (તમામ રહે- ભરૂચ) ને ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓના બંને વાહનો કબજે કર્યા છે અને તપાસમાં ચારેયનો ભૂતકાળ ગુનાહિત હોવાનું બહાર આવ્યું છે.


Milano MULTIPLEX
બારડોલી
Lagan Laagii Re-Gujarati
06:00pm,9.30pm
Mardaani 3
10:30am, 12:00pm, 03:00pm,07:00pm, 10:00pm
Border 2
01:00pm, 05:30pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333